તાપમાન

	મહત્તમ	લઘુત્તમ
નવસારી	૩૪.૦° સે.	૨૮.૦° સે.
આહવા	૩૫.૦° સે.	૨૫.૦° સે.
વલસાડ	૩૬.૦° સે.	૨૯.૦° સે.
વાપી	૩૬.૦° સે.	૨૯.૦° સે.

વલસાડમાં હેરોઈન અને ગાંજા સાથે બે ઝડપાયા

2.8 ગ્રામ હેરોઇન અને 300 ગ્રામ ગાંજા સહિત લાખોની મતા કબજે

વલસાડઃ વલસાડ રૂરલ અને સિટી પોલીસ સ્ટેશનની ટીમોએ જુદી-જુદી જગ્યાએ સફળ રેડ પાડીને 2.8 ગ્રામ બ્રાઉન હેરોઇન અને 300 ગ્રામ ગાંજાના જથ્થા સાથે બે મુખ્ય આરોપીઓને ઝડપી લીધા છે.

વલસાડ રૂરલ પોલીસની ટીમને મળેલી ચોક્કસ બાતમીના આધારે, ૧૩ જૂન ૨૦૨૬ની સાંજે નાની સરોણ ગામ પાસે નેશનલ હાઈવે નંબર ૪૮ પર આવેલી 'વંશ હોટલ'ના પાર્કિંગમાં દરોડો પાડી બિક્રમસીંગ પ્યારાસીંગ કુદનસીંગ સીંગ (ઉં.વ.૪૮, રહે., પંજાબ) પાસેથી ૨.૮૪ ગ્રામ બ્રાઉન હેરોઇનનો જથ્થો મળી આવ્યો હતો, જેની કિંમત ૫૬,૮૦૦ આંકવામાં આવી છે. પોલીસે કુલ ૬૩,૮૦૦નો મુદ્દામાલ જપ્ત કરી જથ્થો આપનાર પંજાબના લોકા ગામના શખ્સ અને વલસાડમાં અન્ય એક ઇસમની તપાસ હાથ ધરી છે. બીજી તરફ, વલસાડ સિટી પોલીસ સ્ટેશનની ટીમે મોગરાવાડી રેલવે ગરનાળા પાસે સામર ફળીયા વિસ્તારમાં રેડ કરી રિક્ષાની આડમાં નશાનો વેપાર કરતાં સ્થાનિક શખ્સને ઝડપી પાડ્યો છે. બાતમીના આધારે પોલીસે અમિત ઉર્ફે પેન્ડો રસીકભાઈ નીકુળીયા (ઉં.વ.૩૧, રહે., મોગરાવાડી, વલસાડ) નામની વ્યક્તિને કોર્ડન કરી તેની ઓટો રિક્ષા (નં. GJ 15 AW 7133)ની તપાસ કરી હતી. જેમાં રિક્ષાના ડ્રાઈવર સીટની નીચેથી ગાંજાની ૪૨ નાની અને ૬ મોટી પડીકીઓ તેમજ ખુલ્લો જથ્થો મળી કુલ ૦.૩૦૨ કિલોગ્રામ ગાંજો મળી આવ્યો હતો, જેની કિંમત ૧૫,૧૦૦ થાય છે. પોલીસે રિક્ષા સહિત કુલ ૨,૧૯,૬૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. આરોપી અમિતે કબૂલાત કરી હતી કે આ જથ્થો તેની ઘરની બાજુમાં રહેતા પ્રશાંત તિવારી નામના શખ્સે પૂરો પાડ્યો હતો, જેને પોલીસે વોન્ટેડ જાહેર કર્યો છે. આ અંગે સિટી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

નાનાપોંઢામાં શાળાના બાળકોની સુરક્ષા સામે જોખમ, ખાનગી વાહનોમાં આવાગમન!

શૈક્ષણિક સત્ર શરૂ છતાં સરકારી ટ્રાન્સપોર્ટેશન સેવા શરૂ ન કરાઈ

ટેક્સી પાસિંગ ફરજિયાત કરાતાં પરિસ્થિતિ વધુ વણસી

વલસાડઃ નવા શૈક્ષણિક સત્ર શરૂ થયું હોવા છતાં શિક્ષણ વિભાગની નિષ્ક્રિયતાના પરિણામે શાળાના બાળકોનું આવાગમન માટે મહત્ત્વની ટ્રાન્સપોર્ટેશન સેવા હજુ શરૂ ન થતાં કપરાડા અને નાનાપોંઢા તાલુકાની કેટલીક પ્રાથમિક તથા માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીઓના આવન-જાવન માટે સરકારી મંજૂરી વગરના અને પેસેન્જર પાસિંગ ન ધરાવતા ખાનગી વાહનોનો ઉપયોગ થતો હોવાની ફરિયાદો સામે આવી રહી છે. જે બાળકોની સુરક્ષા માટે જોખમ ઊભું કરી રહ્યું છે. વલસાડ જિલ્લા પંચાયતના શિક્ષણ વિભાગ દ્વારા ગત વર્ષે પરિપત્ર બહાર પાડી સ્પષ્ટ સૂચના આપવામાં આવી હતી કે, ટેક્સી પાસિંગ ધરાવતા અને નિયમ અનુસાર મંજૂર વાહનો સિવાય વિદ્યાર્થીઓની અવરજવર કરાવવી નહીં. તેમ છતાં અનેક વિસ્તારોમાં સ્થિતિ યથાવત હોવાનું કહેવાઈ રહ્યું છે. આ મામલે વાલીઓ અને જાગૃત નાગરિકોમાં ચિંતા વ્યાપી છે, કારણ કે બાળકોની સુરક્ષા સાથે સીધો સંબંધ ધરાવતો મુદ્દો હોવા છતાં જવાબદાર તંત્ર દ્વારા આ મુદ્દે કોઈ કાર્યવાહી થતી નથી. કેટલીક શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધારવા માટે શિક્ષકો દ્વારા ખાનગી વાહનોની વ્યવસ્થા કરવામાં આવતી હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. આવા વાહનો પાસે બાળકોના પરિવહન માટે જરૂરી કાનૂની પરવાનગી કે પેસેન્જર પાસિંગ ન હોવા છતાં વિદ્યાર્થીઓનું આવાગમન થઈ રહ્યું છે. અહીં સૌથી મહત્વનો મુદ્દો વિદ્યાર્થીઓની સુરક્ષાનો છે. જો આવા બિનઅધિકૃત વાહનોમાં મુસાફરી દરમિયાન કોઈ અકસ્માત કે દુર્ઘટના સર્જાય તો તેની જવાબદારી કોણ સ્વીકારશે? વાલીઓ, વાહનચાલકો, શાળા સંચાલન કે શિક્ષકો - જવાબદારી નક્કી કરવી મુશ્કેલ બની શકે છે. બીજું સરકારે શાળા ટ્રાન્સપોર્ટેશન વાહન માટે ટેક્સી પારસિંગ ફરજિયાત બનાવ્યું હોય તેની ફી સ્થાનિક વાહનચાલકોને પોષાતી ન હોય આ પરિસ્થિતિ ઉદભવી હોવાનું કેટલાક વાલીઓ, વાહનચાલકોએ જણાવ્યું હતું.

અમારા માટે બાળકોની સુરક્ષા પ્રાથમિકતા: ઈ.પ્રા. શિક્ષણ અધિકારી

કપરાડા તાલુકા ઇન્ચાર્જ પ્રાથમિક શિક્ષણ અધિકારી મનોજ ટંડેલે જણાવ્યું કે, ચાલુ શૈક્ષણિક સત્રમાં હજુ સુધી ટ્રાન્સપોર્ટેશન શરૂ કરવા કોઈ આદેશ આવ્યો નથી. અમારા માટે પણ બાળકોની સુરક્ષા પ્રાથમિકતા છે, એટલે અન્ય બાબતો અંગેની પણ તપાસ કરાશે.

સંક્ષિપ્ત સમાચાર

વાપી ડુંગરામાં ગેરકાયદે ગેસ રીફિલિંગ કરનાર સામે ગુનો

વાપી: વાપી ડુંગરા પોલીસે બાતમીના આધારે ડુંગરા-ડુંગરી ફળિયાની એક દુકાનમાં દરોડો પાડી ગેરકાયદે ગેસ રીફિલિંગનું કૌભાંડ ઝડપી પાડ્યું છે. પોલીસ તપાસમાં લાલુ ઉર્ફે ક્રિષ્ના જાદવ (ઉં.વ.૨૨, રહે., દાદરા, રોહિત ફળિયા) નામનો યુવક કોઈ પણ લાઇસન્સ કે ફાયર સેફ્ટીના સાધનો વિના મોટા બાટલામાંથી નાના બાટલામાં ગેસ ભરી ઊંચા ભાવે વેચતો ઝડપાયો હતો. પોલીસે સ્થળ પરથી ગેસના ૧૦ નાના-મોટા બાટલા, રીફિલિંગના સાધનો, વજન કાંટો અને રોકડ સહિત કુલ રૂ.૪૦,૧૬૪નો મુદ્દામાલ જપ્ત કરી આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વાંસદા પોલીસ મથકે યોજાયેલા રક્તદાન કેમ્પમાં 280 યુનિટ રક્ત એકત્રિત થયું

નિલેશ કાપડિયા

વાંસદા: વાંસદા પોલીસ, જેસીઆઈ વાંસદા રોયલ, ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી વાંસદા અને તિલક ગૃપ વાંસદાના સંયુક્ત સહયોગથી યોજાયેલા રક્તદાન કેમ્પમાં 280 યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું. જેમાં વાંસદા પોલીસના અધિકારીઓ અને કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લઈ સૌથી વધુ નોંધપાત્ર રક્તદાન કર્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત વાંસદાના મહારાજા સાહેબ જયવિરેન્દ્રસિંહ સોલંકી, વાંસદા ડી.વાય.એસ.પી. હરેશ ચાંદુ , પીઆઈ જે.વી. ચાવડા , પીએસઆઇ એ.એચ.પટેલ, પટવર્ધનસિંહ સેંગાર, જેસીઆઈ પ્રમુખ એડવોકેટ વિજયભાઈ, સરપંચ ગુલાબભાઈ, ડો.લોચન શાસ્ત્રી, ડો.મનીષ પટેલ, ડો. જીગ્નાશા પટેલ, પદ્યુમનસિંહ સોલંકી તેમજ વાંસદા પોલીસ સ્ટાફ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થતિ રહ્યા હતા.

ઉમરગામના કલગામમાં ચાર શખ્સે બે ભાઈને માર માર્યો

ઉમરગામ: ઉમરગામના કલગામ બંધાડી ફળિયામાં રહેતા ફરિયાદી ઉમેશભાઈ ભગુભાઈ પટેલ તથા તેનો નાનો ભાઈ સંજય તારીખ 3 જૂનના રોજ રાત્રે ફણસા બજારમાંથી કલગામ ઘરે જતા હતા. તે વખતે કલગામ હનુમાન મંદિર શ્રી રામ તળાવ પાસે જીગ્નેશ ભાણા સોરઠી, જયદીપ જયંતિ સોરઠી (બંને રહે., કલગામ) તથા અન્ય બે ઇસમે રસ્તામાં રોક્યા હતા અને બોલાચાલી તકરાર કરી ઢીક મુકીનો માર માર્યો હતો. જે બાદ બંને ભાઈને સારવાર માટે હોસ્પિટલ લઈ જવાયા હતા. આ અંગે પોલીસમાં ફરિયાદ નોંધાતા ઉમરગામ મરીન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

બીલીમોરા કોળી પટેલ સમાજની ૩૪મી સામાન્ય સભા યોજાઈ

કેરસી બારીયા

બીલીમોરા: બીલીમોરા વિભાગ કોળી પટેલ સમાજની ૩૪'મી સામાન્ય સભા રવિવારે પ્રમુખ રમણભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાઇ હતી. જેમાં એજન્ડા ઉપરના ૧૧ કામો સહિત ૨૦૨૫-૨૬ વર્ષનો હિસાબ રજૂ કરતાં સભાએ બહાલી આપી હતી. સમાજના પ્રમુખ તરીકે નિ:સ્વાર્થ સેવા કરનાર રમણભાઈ પટેલે સમાજના ઉત્થાન પ્રગતિ માટે કરેલા કાર્યો ની ઝાંખી કરાવી હતી. વર્ષ ૨૦૨૫-૨૬ માં સમાજના ૧૧ વિશિષ્ટ સિદ્ધિધારકો, ૭૫ તેજસ્વી તારલા ને સન્માનિત કરાયા હતા. આર્થિક રીતે નબળા ૪૧ તેજસ્વી વિદ્યાર્થીઓ ને રૂ.૨.૧૦ લાખની આર્થિક સહાય સ્કોલરશિપ રૂપે અપાઈ હતી. વર્ષ દરમિયાન ૩૦૦ દર્દીઓએ ફ્રી ચેકઅપનો લાભ લીધો હતો. આ પ્રસંગે ધીરુભાઈ પટેલ, દયાળજી પટેલ, જગુભાઈ પટેલ પ્રશાંત પટેલ, ધીરજલાલ પટેલ, પ્રવીણ પટેલ, સુમંત ભાઈ પટેલ, હીનાબેન પટેલ, મહેશભાઈ પટેલ, ભરત પટેલ, સુમંતરાય પટેલ, ઠાકોર પટેલ, રણછોડ પટેલ,શીલાબેન પટેલ, શેતલ પટેલ, જયંતિ પટેલ, ચંદ્રકાન્ત પટેલ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ઉમરગામ તાલુકાના ઝરોલીમાં મફત તબીબી કેમ્પ યોજાયો

ઉમેશ સોલંકી

ઉમરગામ: રાષ્ટ્રીય સેલ્યુટ ત્રિરંગા ગુજરાત દ્વારા ઉમરગામના ઝરોલીની ઝવેરીબેન હીરજીભાઈ શાહ શાળા ખાતે ચેકઅપ તથા આંખ તપાસ, ફ્રી ચશ્મા વિતરણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. આ કેમ્પમાં 230 જરૂરિયાતમંદોને વિનામૂલ્યે તપાસ કરી ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું. સેલ્યુટ ત્રિરંગાના રાષ્ટ્રીય મહામંત્રી ઉત્તમભાઈ પટેલ, મયુરભાઈ વખારિયાના માર્ગદર્શન હેઠળ ધરમપુર સ્થિત શ્રીમદ રાજચંદ્ર હોસ્પિટલ અને "સર્વમંગલ" ફેમિલી ટ્રસ્ટના તબીબોની ટીમે સેવાઓ આપી હતી. અંકલાસના સરપંચ તથા નીતિનભાઈ પ્રજાપતિએ સમગ્ર કેમ્પનું સુંદર આયોજન કર્યું હતું. આ તબીબી કેમ્પમાં સેલ્યુટ ત્રિરંગાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પિયુષભાઈ શાહ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

વલસાડમાં કાર ઝાડ સાથે અથડાતા કારચાલક વૃદ્ધનું મોત

વલસાડ: વલસાડ રૂરલ પોલીસ સ્ટેશનની હદમાં શનિવારે એક ગમખ્વાર અકસ્માતમાં કારચાલક વૃદ્ધનું મોત નીપજ્યું હતું. અટકપારડી ગામની પ્રમુખ કુંજ સોસાયટીમાં રહેતા ૭૩ વર્ષીય દિલીપભાઈ હીરજીભાઈ કાલરીયા શનિવારે બપોરે હોન્ડા સિટી કાર (નં. DN 09 F 1134) લઈને પારનેરા ગામમાં જી.ઈ.બી.ઓફિસની બાજુમાં અને કિંગ્સ પોલી પેટ કંપની પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે રસ્તાની બાજુમાં આવેલા આંબાના ઝાડ સાથે કાર ધડાકાભેર અથડાઈ હતી. અકસ્માતમાં તેમને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જે બાદ તેઓને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. આ અંગે પોલીસે ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ધરમપુરના ઝરીયા ગામે દીપડા પશુઓનો શિકાર કરતાં ભયનો માહોલ

આસીફ શેખ

ધરમપુર: ધરમપુરના ઝરીયા ગામમાં દીપડાના આતંકને કારણે ગ્રામજનોમાં ભારે ભયનો માહોલ સર્જાયો છે. છેલ્લા કેટલાક દિવસોમાં દીપડાએ પશુઓ પર હુમલાની અનેક ઘટનાઓને અંજામ આપતાં લોકોમાં ચિંતા વ્યાપી છે. ચંચળબેન અરવિંદભાઈ પટેલની બકરીને દીપડાએ બે વખત શિકાર બનાવ્યાની ઘટના સામે આવી છે. ચંચળબેને જણાવ્યું કે દીપડાના સતત ભયને કારણે રાત્રે ઊંઘ પણ આવતી નથી. પરિવારની સુરક્ષા માટે ખેતીના કામ માટે રાખેલા નાણાંમાંથી જાળ (નેટ) ખરીદી આખા ઘરની આસપાસ રક્ષણ કવચ તરીકે બાંધી છે. આ ઉપરાંત બહાદુરભાઈ ગોવિંદભાઈ પટેલના ઘરેથી આશરે 10 જેટલાં મરઘાં જ્યારે રમણભાઈ સોમાભાઈ પાડવીનું પાલતું શ્વાન પણ દીપડાનો શિકાર બન્યું હોવાનું જાણવા મળ્યું છે.

પારડીમાં દરવાજો તૂટી પડવાની ઘટનામાં બાળક મોત સામે જંગ હાર્યો

લડી રહેલા બે ઢોર અથડાતા દરવાજો 10 વર્ષીય બાળક પર પડ્યો હતો, ત્રણ દિવસની સારવાર બાદ મોત

પારડીઃ પારડી ખાતે સગાના ઘરે રમવા ગયેલા 10 વર્ષીય બાળકનું દરવાજો તૂટી પડવાની ઘટનામાં ગંભીર ઇજા થતાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હોવાનું સામે આવ્યું છે.

પ્રાપ્ત વિગતો મુજબ, વલસાડના તરિયાવાડ વિસ્તારમાં રહેતા અને નગરપાલિકામાં સફાઇ કર્મચારી તરીકે ફરજ બજાવતા લાલુભાઇ પારસિંગ નિનામા પોતાના પરિવાર સાથે 11 જૂનના રોજ પારડી ખાતે સગા રાળુભાઈના ઘરે મુલાકાતે ગયા હતા. તે દરમિયાન તેમનો પુત્ર સતિષ ઘરની બહાર અન્ય બાળકો સાથે રમતો હતો. રમત દરમિયાન સતિષ ઘરના દરવાજા પર ચડી ગયો હતો. એ સમયે રસ્તા પર બે ઢોર લડી રહ્યા હતા અને અથડામણના કારણે ઢોર દરવાજા સાથે અથડાતા દરવાજો તૂટી પડ્યો હતો. દરવાજો તૂટી પડતાં સતિષ નીચે પટકાયો હતો અને ભારે દરવાજો તેના શરીર પર પડતાં તેને માથાના ભાગે ગંભીર ઇજા પહોંચી હતી.

ઘટનાની જાણ થતાં પરિવારજનો અને સ્થાનિક લોકોએ તાત્કાલિક બાળકને નજીકની હોસ્પિટલમાં ખસેડ્યો હતો. પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે તેને પારનેરા સ્થિત હિલ ફર્સ્ટ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો, જ્યાં આઇસીયુમાં તેની સારવાર ચાલી રહી હતી.

પરંતુ ત્રણ દિવસની સારવાર બાદ રવિવારે ડોક્ટરોએ સતિષને મૃત જાહેર કર્યો હતો. બાળકના સારવાર દરમિયાન પરિવારજનો હોસ્પિટલમાં વ્યસ્ત હોવાથી તાત્કાલિક પોલીસ સમક્ષ નિવેદન આપી શક્યા નહોતા. બાળકના મોત બાદ પરિવારજનોએ પોલીસ સમક્ષ નિવેદન નોંધાવ્યું હતું. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં બાળક રમતા રમતા દરવાજા પર ચડ્યો હતો અને ઢોરની અથડામણથી દરવાજો તૂટી પડતાં આ દુર્ઘટના સર્જાઈ હોવાનું સામે આવ્યું છે.

'તું લગ્નમાં એસી અને વોશિંગ મશીન કેમ નથી લાવી?'

6.50 લાખ અને 6 તોલા સોનું આપ્યું છતાં ઘરવખરી પણ માંગી

વાપી છીરીમાં પતિ સહિત સાસરીયાઓ સામે પરિણીતાની ફરિયાદ

વાપીઃ વાપીના છીરીમાં દહેજ ભૂખ્યા સાસરીયાઓએ પરણિતાને શારીરિક-માનસિક ત્રાસ આપતા હોય અને ઘરવખરીનો સામાન મંગાવવાનું કહી ઢીક્કામુક્કી કરતાં હોય આ બનાવ અંગેની ફરિયાદ પરિણીતાએ વાપી ડુંગરા પોલીસ મથકમાં કરી હતી.

વાપી ડુંગરા પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, મૂળ યુપી અને હાલ વાપી નજીકના છીરી, કંચન નગર, એવન કોમ્પ્લેક્સમાં સબીના તોકીર ચૌધરી (ઉં.વ.24) રહે છે. 6 મહિના પહેલાં જ તેમના સામાજીક રીત-રિવાજ મુજબ લગ્ન થયા હતાં. સબીનાએ આપેલી પોલીસ ફરિયાદ મુજબ, પતિ તોકીર દ્વારા રૂ.11 લાખ અને 6 તોલા સોનુ દહેજમાં માંગ્યું હતું. જેની સામે સબીનાના પિતાએ 6 લાખ 50 હજાર તથા 6 તોલા સોનુ દહેજમાં આપ્યું હતું. લગ્નના થોડા મહિનામાં જ સાસુ મજીદુનીશા, સસરા તૌફીક કહેવા લાગ્યા હતા કે, તુ લગ્નમાં એ.સી. તથા વોશીંગ મશીન કેમ લાવેલ નથી, પિતા પાસેથી મંગાવી લે. જે બાદ પરણિતાએ આ વાત પિતાને કહ્યું હતુ અને તે બાદ પિતાએ એ.સી. અને વોશીંગ મશીન મોકલી આપ્યું હતું.

પતિ, સાસુ-સસરા, નણંદ કિસ્માતુન, દિયર અતીક, દેરાણી સાયરા પણ અવાર-નવાર પરણિતાને દહેજમાં ઘરવખરીનો સામાન પિતા પાસે મંગાવ તેવું કહી ઝઘડો કરતા હતાં. પતિ અવાર-નવાર ઝઘડો કરતો હોય જેથી પરણિતાએ ઝઘડો કરવાની ના પાડતા તે ઉશ્કેરાઈ ગયો હતો અને ઢીક્કામુક્કીનો માર માર્યો હતો. શારીરિક-માનસિક ત્રાસ આપનારા પતિ તૌકીર ચૌધરી, સાસુ મજીદુનીશા, સસરા તૌફીક અસગરઅલી ચૌધરી, નણંદ કિસ્માતુન, દિયર અતીક, દેરાણી સાયરા (તમામ રહે., છીરી, વાપી) સામે સબીના ચૌધરીએ વાપી ડુંગરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

સાપુતારા ઘાટમાં ટેમ્પો અડફેટે બાઈકચાલક યુવકનું મોત

સાપુતારાઃ શનિવારે રાત્રે સાપુતારા ઘાટમાં હનુમાનજી વળાંક પાસે એક ટેમ્પોએ મોટરસાઈકલને જોરદાર ટક્કર મારતા ૨૨ વર્ષીય આશાસ્પદ યુવકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું છે.

મળતી માહિતી મુજબ, ગત તારીખ ૧૩ જૂનની રાત્રિએ સાપુતારા ઘાટમાં હનુમાનજી વળાંક નજીક આ અકસ્માત સર્જાયો હતો. આરોપી ચાલક પોતાની 'બડા દોસ્ત' ટેમ્પો (નં. KA 27 C 5273) લઈને પૂરઝડપે અને ગફલતભરી રીતે રોંગ સાઇડમાં આવી રહ્યો હતો. આ દરમિયાન સામેથી પોતાની મોટરસાઈકલ (નં. GJ 30 C 7892) પર આવી રહેલા ઈશાનભાઈ જીતેન્દ્રભાઈ જાદવ (ઉં.વ.૨૨, રહે., નડગચોંડ, તા.વઘઈ)ને કારે અડફેટે લેતાં ગંભીર ઈજાના કારણે ઈશાનનું ઘટના સ્થળે જ મોતી નીપજ્યું હતું. લીધા હતા. આ અકસ્માત સર્જ્યા બાદ અજાણ્યો ટેમ્પોચાલક પોતાની ગાડી લઈ નાસી છૂટ્યો હતો. સાપુતારા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પૂર્ણા ટાઈડલ રેગ્યુલેટર ડેમ દક્ષિણ ગુજરાતને નવી દિશા આપશે

કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર. પાટીલ અને લોકસભાના મુખ્ય દંડક ડો. સંજય જયસ્વાલ મહત્ત્વના પ્રોજેક્ટોનો સમીક્ષા કરી

કેરસી બારીયા

નવસારી, બીલીમોરાઃ નવસારી જિલ્લાના કસ્બાપર ખાતે નિર્માણાધીન પૂર્ણા ટાઈડલ રેગ્યુલેટર ડેમની કામગીરીનું પ્રગતિપથ યાત્રા અંતર્ગત કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર. પાટીલ અને લોકસભાના મુખ્ય દંડક ડો. સંજય જયસ્વાલ સહિતના મહાનુભાવોએ સ્થળ પર પહોંચી નિરીક્ષણ કર્યું હતું. ઉપરાંત રૂ. 575 કરોડના ખર્ચે નિર્માણ પામી રહેલા ખંભલાવ ગામ ખાતે નિર્માણાધીન જી.એમ.ઈ.આર.એસ. મેડિકલ કોલેજ અને હોસ્પિટલ તેમજ વાઘરેચ ટાઈડલ રેગ્યુલેટર અને કેસલી ખાતે નિર્માણાધીન મુંબઈ-અમદાવાદ હાઈસ્પીડ રેલ (બુલેટ ટ્રેન) પ્રોજેક્ટની મુલાકાત લઈ કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી.

અધિકારીઓએ મહાનુભાવોને માહિતી આપતા જણાવ્યું હતું કે પૂર્ણા ટાઈડલ રેગ્યુલેટર ડેમ દરિયાઈ ખારાશના નિયંત્રણ, જળસંચયની ક્ષમતામાં વધારો અને ભૂગર્ભ જળસ્તરમાં સુધારો લાવવા માટે મહત્વપૂર્ણ સાબિત થશે. ખાસ કરીને નવસારી અને આસપાસના કૃષિપ્રધાન વિસ્તારોના ખેડૂતોને સિંચાઈ માટે પૂરતું પાણી ઉપલબ્ધ કરાવવામાં આ પ્રોજેક્ટ મહત્વની ભૂમિકા ભજવશે. આ પ્રસંગે રાજ્યના નાણાં મંત્રી કનુભાઈ દેસાઈ, આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલ, નવસારી મહાનગરપાલિકાના મેયર અશોક ધોરાજીયા, જિલ્લા પંચાયત પ્રમુખ નિરાલીબેન નાયક, ધારાસભ્ય રાકેશ દેસાઈ તથા જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાની સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલે સ્થળ પર ચાલી રહેલી કામગીરીની સમીક્ષા કરી પ્રોજેક્ટને સમયમર્યાદામાં પૂર્ણ કરવા અને તેનો મહત્તમ લાભ ખેડૂતો તથા સ્થાનિક નાગરિકોને મળે તે માટે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

ઉમેશ સોલંકી

ઉમરગામ રેલવે સ્ટેશને 'ફ્લાઈંગ રાણી' એક્સપ્રેસ ટ્રેનના વધામણાં

સાંસદ ધવલ પટેલે લીલીઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું, મોટી સંખ્યામાં લોકો ઉમટ્યા

ઉમરગામઃ ફ્લાઈંગ રાણી એક્સપ્રેસ ટ્રેનને તારીખ 13 જૂનને શનિવારથી ઉમરગામ રેલવે સ્ટેશને સ્ટોપેજ મળતા સાંસદ ધવલભાઇ પટેલ તથા ધારાસભ્ય રમણભાઈ પાટકરે લીલી ઝંડી બતાવી પ્રારંભ કરાવ્યો હતો. લાંબા સમયથી ફ્લાઈંગ રાની ટ્રેનના સ્ટોપેજની માંગણી કરવામાં આવી રહી હતી. ઉમરગામ ઇન્ડસ્ટ્રીઝ એસો,ના પ્રમુખ અશોકભાઈ, ઉપપ્રમુખ ભગવાનભાઈ તથા આશિષભાઈ સહિત સભ્યોએ ઉદ્યોગપતિઓએ સાંસદ ધવલભાઈ પટેલનો તથા કેન્દ્રીય રેલવે મંત્રાલય અને રેલવેના અધિકારીઓનો આભાર માની ખુશી વ્યક્ત કરી હતી. ટ્રેનના સ્ટોપેજ પ્રસંગે વલસાડ જિલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારા, જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન, ઉપપ્રમુખ શૈલેષભાઈ તથા ઉમરગામ તાલુકા પંચાયતના પ્રમુખ સંતોષભાઈ, ઉમરગામ ઇન્ડસ્ટ્રીઝેશનના કમિટી મેમ્બરો સહિત ટ્રેનોના સ્ટોપેજ પ્રસંગે વધામણા કરવા મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા.

હરીશ મંગલાણીના હાથમાં નવસારી ચેમ્બરની સુકાન

માત્ર રજૂઆતો નહીં, પરિણામલક્ષી કામગીરીથી નવસારીને વિકાસના નવા શિખરો સર કરાવોઃ સી. આર. પાટીલ

નવસારીઃ નવસારી ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝને નવા પ્રમુખ તરીકે હરીશ મંગલાણીના રૂપમાં નવું નેતૃત્વ મળતાં ઉદ્યોગજગતમાં નવી આશાઓ અને અપેક્ષાઓનો માહોલ સર્જાયો છે. નવનિયુક્ત પ્રમુખ અને તેમની ટીમના સન્માન માટે યોજાયેલા કાર્યક્રમમાં કેન્દ્રીય જળશક્તિ મંત્રી તથા નવસારીના સાંસદ સી.આર. પાટીલની ઉપસ્થિતિએ કાર્યક્રમને વિશેષ ગૌરવ અપાવ્યું હતું.

સાંસદ સી.આર. પાટીલે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે મહાનગરનો દરજ્જો પ્રાપ્ત કર્યા બાદ નવસારી હવે વિકાસના નવા દ્વાર પર ઊભું છે. આવા સંજોગોમાં ચેમ્બર ઓફ કોમર્સની ભૂમિકા માત્ર વેપારીઓ અને ઉદ્યોગોના પ્રશ્નો ઉઠાવવા પૂરતી મર્યાદિત ન રહી સમગ્ર વિસ્તારના આર્થિક વિકાસમાં પ્રેરકબળ બનવાની છે. નવા રોકાણો આકર્ષવા, ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા, સ્ટાર્ટઅપ સંસ્કૃતિને વેગ આપવા અને યુવાનો માટે રોજગારીની નવી તકો ઊભી કરવા માટે ચેમ્બરે આગેવાન ભૂમિકા ભજવવી જોઈએ.

આ પ્રસંગે સી.આર. પાટીલે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની દાંડીયાત્રાની ઐતિહાસિક ભૂમિ દાંડીના વિકાસનો મુદ્દો પણ ખાસ ઉઠાવ્યો હતો. તેમણે ચેમ્બર ઓફ કોમર્સને દાંડીને વૈશ્વિક પ્રવાસન નકશા પર વધુ મજબૂત સ્થાન અપાવવા માટે આગેવાની લેવા અનુરોધ કર્યો હતો. દાંડીમાં પ્રવાસન,આધુનિક સુવિધાઓ અને સ્થાનિક રોજગારીને પ્રોત્સાહન આપતા પ્રોજેક્ટો અમલમાં આવે તો સમગ્ર વિસ્તારના આર્થિક વિકાસને નવી ગતિ મળી શકે તેમ હોવાનું તેમણે જણાવ્યું હતું.

આપણો દેશ રિન્યુએબલ એનર્જી અને સોલાર ઊર્જામાં પ્રથમ સ્થાને

વાપીમાં નાણાંમંત્રીના અધ્યક્ષસ્થાને પ્રબુદ્ધ નાગરિકોનું વિકસિત ભારત સંકલ્પ સંમેલન યોજાયું

વાપીઃ રાજ્યના નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ મંત્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષ સ્થાને અને આદિજાતિ વિકાસ, ખાદી, કુટિર અને ગ્રામોદ્યોગ તેમજ વલસાડ જિલ્લા પ્રભારી મંત્રી નરેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં વાપીના વીઆઈએ ઓડિટોરિયમમાં જિલ્લાના પ્રબુદ્ધ નાગરિકોનું વિકસિત ભારત સંકલ્પ સંમેલન યોજાયું હતું.

આ સંમેલનને સંબોધી રાજ્યના નાણાં મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં અવિરત વિકાસ, વિશ્વાસ અને અવિરત જનકલ્યાણ દ્વારા અઢળક વિકાસના કામો થઈ રહ્યા છે. આપણો દેશ રિન્યુએબલ એનર્જી અને સોલાર ઊર્જામાં પ્રથમ સ્થાન ધરાવે છે. મહાભારતમાં જે રીતે ભગવાન કૃષ્ણ પાંડવોને મદદ કરતા તેમ નરેન્દ્રભાઈ મોદી ગુજરાતને દરેક ક્ષેત્રે મદદ કરી ગુજરાતને સમગ્ર દેશમાં રોલ મોડલ બનાવ્યું છે. આદિજાતિ મંત્રી નરેશભાઈ પટેલ, વલસાડ-ડાંગના સાંસદ અને લોકસભાના દંડક ધવલભાઈ પટેલ દ્વારા પ્રાસંગિક ઉદબોધન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખ હેતલબેન પટેલ, ઉમરગામના ધારાસભ્ય રમણ પાટકર, કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી, વાપી મહાનગરપાલિકાના મેયર દક્ષાબેન પટેલ, ડે. મેયર મિતેષ દેસાઈ, વીઆઈએ પ્રમુખ સતિષભાઈ પટેલ, ભાજપ પ્રદેશ સંગઠન મંત્રી સોનલબેન સોલંકી, પ્રભારી વિનયભાઈ ઉપસ્થિત રહ્યા હતાં.